ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
તા. ૧૪-૧૦-૨૦૨૧, ગુરૂવાર


## આઠમ : સાબરકાંઠા-અરવલ્લીમાં આઠમા નોરતે હવન યોજાયા

### નવરાત્રી સ્થળે મોટી સંખ્યામાં ખેલૈયા ઉમટ્યા : આઠમની આરતી ૫ હજારથી ૫ લાખ સુધી બોલાઈ

બાયડ, તા. ૧૩
બુધવારે આઠમા નોરતે તમામ નવરાત્રી સ્થળે મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટતાં નવરાત્રી સ્થળો ટુંકા પડતા આયોજકો અને પોલીસને મહેનત કરવી પડી હતી. દિવસ દરમ્યાન મોટા ભાગના નવરાત્રી સ્થળે આઠમ નિમિત્તે પૂજા અને હવન યોજાતાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોવા મળ્યા.



નવરાત્રીના ૯ દિવસમાં આઠમનું વિશેષ મહત્વ રહેલુ છે. આઠમા નોરતે મહાગૌરી પૂજન થતુ હોય છે. આજે પણ ગામડામાં આઠમ નિમિત્તે દૂર રહેતા લોકો માદરે વતન આવી આઠમના હવનમાં સામેલ થઈ નૈવેધ કરતા હોય છે. ગામડામાં આઠમના દિવસે આરતી માટે રિતસરનો ચઢાવો બોલાતો હોય છે જેમાં કેટલાક ગામમાં રૂ. ૫ હજારથી રૂ. ૫ લાખ અને તેથી ઉપરની બોલીથી માઈ ભક્ત દ્વારા આરતી ઉતરાઈ હોવાનું જાણવા મળેલ છે. દર વર્ષે નવરાત્રી દરમ્યાન અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના એક ગામમાં લાખો રૂપિયાની બોલીથી આઠમની આરતી માઈ ભક્તો કરતા હોવાની પ્રથા આજે પણ જળવાઈ રહી છે.

## ખેડૂતો સાવધાન : ચોમાસાની નવી ઈનિંગના સંકેત

### ઉત્તર ગુજરાતના ૯ લાખ ખેડૂતો રિટર્ન્સ ચોમાસાથી પાયમાલ થવાની દહેશત : જવાદ વાવાઝોડાએ સરકાર - ખેડૂતોની ઉંઘ હરામ કરી

બાયડ, તા. ૧૩
ચોમાસુ વિદાય થવાના હવામાન વિભાગના અહેવાલ પછી ચોમાસુ રિટર્ન્સના સંકેત મળી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં ૧૬ લાખ હેક્ટર જમીનમાં મોટા ભાગે ખરીફ પાક તૈયાર થયો છે અને હવે વરસાદ વરસે તો અંદાજીત ૯ લાખથી વધુ ખેડૂતો પાયમાલ બનવાની દહેશત છે. બંગાળની ખાડીમાં ચક્રવાત જવાદ સર્જાઈ રહ્યુ છે જેથી ભારે વરસાદ-વાવાઝોડાનો ખતરો ગુજરાત ઉપર મંડરાયો છે.

કોરોનાના સંકટમાંથી ધીમે ધીમે બહાર આવતા ગુજરાત અને ખેડૂતો ઉપર ચોમાસા દરમ્યાન એક પછી એક નવા સંકટ આકાર લઈ રહ્યા છે. ગુજરાતમાંથી ચોમાસાએ વિદાય લીધી છે પરંતુ પાછલા ૩ દિવસથી ઉત્તર ગુજરાતના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં સમી સાંજથી વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસતા મગફળી, અડદ, કપાસના પાકને નુકશાન થઈ રહ્યુ છે. પરંતુ પ્રમાણમાં નુકશાન ઓછુ છે આગામી સપ્તાહમાં ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ખેડૂતો દ્વારા કરાયેલા ખરીફ વાવેતરમાંથી મકાઈ, મગફળી, મકાઈ, તુવેર, અડદનો પાક તૈયાર થઈ જશે. સારા પાક ઉત્પાદનથી ખેડૂતો ખુશ થશે પરંતુ ઉત્તર ગુજરાતની ૯ લાખ ખેડૂતો માટે ચિંતાજનક સમાચાર છે. ચોમાસુ પરત ફરી રહ્યાના અહેવાલ છે. બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન જવાદ સર્જાઈ રહ્યુ છે જે ગુજરાતમાં વાવાઝોડા સાથે વરસાદની શક્યતા વધુ છે. હવામાન વિભાગે વાવાઝોડુ જર્જરીત મકાનોને નુકશાન પહોંચાડે તેવી આશંકા પણ વ્યક્ત કરી છે.

## શૈક્ષણિક કિટનુ વિતરણ

માનવ ઉત્થાન સેવા સમિતિ (માનવ ધર્મ આશ્રમ), અમદાવાદના યુથ વિઝન મિશન અંતર્ગત શ્રીમતી બી.જે.તન્ના ગૃપ વિદ્યાલય, ચિબોડા-ખુમાપુર અને શ્રી આદર્શ પ્રાથમિક શાળા ખુમાપુર, શ્રી નવા ચિબોડા પ્રાથમિક શાળા, નવા ચિબોડાની શાળાઓના તમામ વિદ્યાર્થીઓને સ્ટેશનરી કિટનું વિતરણ કરવામાં આવેલ. જેમાં માનવ ધર્મ આશ્રમના સંત શ્રી બાલ કૃષ્ણાનંદજી મહારાજ દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણ સાથે ધર્મનુ મહત્વ દર્શાવવામાં આવેલ હતુ.



## હિંમત હાઇસ્કુલ, હિંમતનગરમાં રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો

બુધવારે શાળાના પટાંગણમાં રાસ ગરબાનો કાર્યક્રમ મા જગદંબાની શક્તિ આરાધના સંદર્ભે યોજાયો. શાળાના આચાર્યશ્રીની અધ્યક્ષતામાં રચાયેલી આયોજન કમિટી દ્વારા સુંદર આયોજન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત મા અંબાની આરતીથી થઈ હતી, આરતી ની શરૂઆત શ્રી પી.આઈ.ઉપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી, શાળાના પરિવારે આરતીમાં જોડાઈ દિવ્ય પ્રસંગનો લાભ લઈ પોતાની આત્માનુભૂતિ કેળવી. ત્યારબાદ શ્રી જે.એમ.શાહ દ્વારા ગોઠવાયેલ વિવિધ રાસ ગરબાના ટ્રેક પર શાળા પરિવાર હિલોળે ચડ્યું, ઝુમ્યું અને આનંદ વિભોર બની નવી ઉર્જા ગ્રહણ કરી. કાર્યક્રમના અંતિમ ચરણમાં શ્રી આર.ટી.બરંડા દ્વારા શાળાની સ્વચ્છતા અને શાળા કેમ્પસ જાળવણી અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. નિર્ણાયક તરીકે શ્રીમતી એન.જે.જોશી, શ્રીમતી એચ.ડી.પટેલ અને શ્રીમતી એન.કે.પટેલ એ સેવા આપી હતી. વિજેતા સ્પર્ધકોને શાળામાંથી નિવૃત્ત થઈ રહેલા કર્મચારી શ્રી પી.જી.પટેલ શ્રી બાલુભાઈ ચમાર તથા વિવિધ શિક્ષક મિત્રોના હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. ઈનામના દાતા શ્રી એમ. જે.પટેલ, શ્રીમતી એચ. ડી.પટેલ તથા બિસ્કીટ ના દાતા સાયન્સ પરિવારના સભ્યો હતા.બી.એડ તાલીમાર્થીઓને શ્રીમતી એન. જે.જોશી દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. અંતે એક ખુશનુમા માહોલમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરીમાં કાર્યક્રમ સમાપ્ત થયો.

### કોરોના પછી તાજામાજા થવા નિકળેલા ભ્રષ્ટ અધિકારીઓ

## જિલ્લામાં ભ્રષ્ટ અધિકારીઓની રંજાડ વધ્યાના વેપારીઓના આરોપ

### મુખ્યમંત્રી સુધી ફરીયાદની હિલચાલ

બાયડ, તા. ૧૩
કોરોના પછી તાજામાજા થવા નિકળેલા ભ્રષ્ટ અધિકારીઓથી અનેક વેપારીઓ ત્રસ્ત બન્યા છે અને ભ્રષ્ટાચારી અધિકારીઓની રંજાડ વધતાં યુનિયન દ્વારા મુખ્યમંત્રી સુધી ફરીયાદની હિલચાલ શરૂ થઈ છે.

વાત જાણે એમ છે કે કેટલાક જિલ્લાના ભ્રષ્ટ અધિકારીઓ માટે ઊંટ છોડે આકડો, બકરૂ છોડે કાંકરો જેવી સ્થિતિ છે. નાના-મોટા તમામ વેપારીઓને શોધી શોધીને નવરાત્રી શરૂ થઈ ત્યારથી ખંખેરવાનો ખેલ શરૂ થયો છે. કેટલાક કેસમાં માત્ર દેખાડા પુરતી તપાસ કરી વેપારીને ડરાવી-ધમકાવી સાથે આવેલો ફોલ્ડરીયો વેપારીને સમજાવે કે સાહેબનું પતાવી દો નહીંતર કોર્ટ-કચેરીના ધક્કા ખાવા પડશે... હરકતમાં આવેલો વેપારી ન છૂટકે પૈસા આપી ભ્રષ્ટ અધિકારીને ઓડકાર આવે ત્યાં સુધી ધરાવી દે... અને મહાશય સરકારી વાહનમાં બેસી રવાના થઈ જાય છે. ખોટુ કરનારા વેપારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ પરંતુ પૈસા ખંખેરવાની જે નવી નીતિ અખત્યાર થઈ છે તે જોતાં ભાજપા સરકારની છબી ખરડાઈ છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી પોતે સ્લીમ બોડી જાળવી રાખી છે... કોઈનું કશું ખોટુ ચલાવતો નથી તેવી બડાશ હાંકતા અધિકારીએ કાળા ચશ્મા પહેરી અનેક વેપારીઓને બાટલામાં ઉતાર્યાનું જાણવા મળેલ છે. ત્રાસેલા વેપારીઓ ભ્રષ્ટ અધિકારી ટોળકી વિરૂદ્ધ એ.સી.બી.માં પણ ફરીયાદ કરશે તેવું નિકટના સૂત્રો જણાવે છે.

## ચંડીસર પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પાલનપુર તાલુકાના ચંડીસર પુલ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ હતી. પોલિસે રૂ.૫.૩૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ખાનગી રાહે હકીકત મળેલ કે, ડીસા તરફ એક કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ચંડીસર તરફ આવનાર છે. જે બાતમી હકીકત આધારે ચંડીસર હાઈવે રોડ પુલ ઉપર વોચમાં હતા. દરમ્યાન હકિકત વાળી કારનો પીછો કરતાં ચંડીસર પુલ નીચે કાર મુકી ચાલક ગાડી નાસી ગયો હતો.

## સાબરકાંઠા જિલ્લામાં ૧૦ ગામ દિઠ ફરતા પશુ દવાખાના દ્વારા ૮૯૧૫૮ પશુઓની નિ:શુલ્ક સારવાર

### ઈમરજન્સીમાં ૪૯૬૧ પશુઓની સારવાર

બાયડ તા.૧૩
સાબરકાંઠા જિલ્લામાં પશુઓની જીવાદોરી સમાન આ સેવાને એક વર્ષ પૂર્ણ થયું છે. જિલ્લામાં ફરતા પશુ દવાખાના દ્વારા અત્યાર સુધી કુલ ૮૯૧૫૮ પશુઓની સારવાર કરવામાં આવી છે. જેમાં ૮૪૧૮૯ શિડ્યૂલ દરમિયાન અને ઈમરજન્સીમાં ૪૯૬૧ પશુની સારવાર કરવામાં આવી હોવાનું પ્રોજેક્ટ કો - ઓર્ડીનેટર પ્રતિકભાઈ સુથાર જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૫ ફરતા પશુ દવાખાના કાર્યરત છે. જેમાં હિંમતનગર તાલુકાના ૧૯,૩૪૯, ઈડર તાલુકામાં ૧૯,૦૪૯., વડાલી તાલુકામાં ૬,૨૮૧, ખેડબ્રહ્મા તાલુકામાં ૯,૭૮૩., વિજયનગર તાલુકામાં ૧૩,૫૧૩., તલોદ તાલુકામાં ૫,૧૦૦, પ્રાંતિજ તાલુકામાં ૧૦,૩૯૧ એમ કુલ ૮૯૧૫૮ પશુઓની સારવાર નિશુલ્ક



કરવામાં આવી છે.

આમ સાબરકાંઠા જિલ્લામાં રાજ્ય સરકારની ૧૯૬૨ની સેવા દ્વારા અનેક પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સારવાર દ્વારા સેવા શુશ્રુષા કરવામાં આવી છે.

### ૧૦૦ નવા ચહેરાને ટિકીટ... પાટીલની ગુગલી...

## વિધાનસભા ચૂંટણી : ભાજપા પ્રદેશ પ્રમુખના નિવેદનથી વર્તમાન-પૂર્વ ધારાસભ્યોની ઉંઘ હરામ

### બાયડમાં ૨ વર્ષથી તૈયારી કરતા મૂરતિયા ડિપ્રેશનમાં..!!

બાયડ, તા. ૧૩
વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે યોજાશે ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપા પ્રમુખ સી.આર. પાટીલ હિંમતનગરની મુલાકાતે હતા ત્યારે ૧૦૦ નવા ચહેરા પસંદ કરવાનો તેમના નિવેદનની ગુગલીથી અનેક વર્તમાન-પૂર્વ ધારાસભ્યોની ઉંઘ હરામ થઈ છે. અગાઉ પેટા ચૂંટણી-સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ ત્યારબાદ ભાજપા માટે પ્રતિષ્ઠાનો જંગ બનેલ ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપાના ભવ્ય વિજય પછી સી.આર. પાટીલનું કેન્દ્ર સ્તરે પણ વજન વધ્યુ છે. તે જોતાં અનેક વર્તમાન-પૂર્વ ધારાસભ્યો માટે પ્રદેશ પ્રમુખનું નિવેદન ઉંઘ ઉડાડનારૂ બન્યુ છે. બાયડમાં ૨ વર્ષથી તૈયારી કરતા અનેક મૂરતિયા ડિપ્રેશનમાં આવી ગયા છે.

ભાજપા દ્વારા ગુજરાત સરકારમાં કલ્પ્યો ના હોય તેવો ફેરફાર કરી વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી અગાઉ પક્ષના આગેવાન-કાર્યકરોને સ્પષ્ટ સંદેશો આપ્યો છે. પક્ષને મોટો કરવાનો છે કોઈ આગેવાનને નહી..!! પ્રદેશ પ્રમુખ તરીક સી.આર. પાટીલની નિયુક્તિ પછી ભાજપાનો વિજયી રથ બમણા વેગથી દોડી રહ્યો છે. અત્યાર સુધીમાં તમામ પ્રમુખોમાં તે સૈથી વધુ સફળ પ્રમુખ તરીકે આગળ વધી રહ્યા છે. તે જોતાં વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં પ્રદેશ પ્રમુખ મહત્વની ભૂમિકા ભજવશે. ભાજપાની યુવા નેતાગીરીને મેદાનમાં લાવવાના તેમના પ્રયાસોથી તેઓ યુવાવર્ગમાં વધુ લોકપ્રિય થઈ રહ્યા છે. તાજેતરમાં હિંમતનગર શહેરમાં પેજ પ્રમુખોને કાર્ડ વિતરણ કાર્યક્રમમાં હાજર પ્રદેશ પ્રમુખે વિધાનસભા ચૂંટણીમાં ૧૦૦ નવા ચહેરા પસંદ કરવાની વાત કરતાં ગણતરીના કલાકોમાં રાજ્યના ૩૩ જિલ્લામાં હલચલ મચી ગઈ. પ્રદેશ પ્રમુખના નિવેદનને પૂર્વ-વર્તમાન ધારાસભ્યોએ ખૂબ ગંભીરતાથી લીધુ છે. આવનારા દિવસોમાં આ મુદ્દે કેવી ને કંઈક નવી વિગતો બહાર આવી શકે છે.



### હિંમતનગર-ઈડરના ધારાસભ્યની ટિકીટ કપાઈ શકે છે

પ્રદેશ પ્રમુખે હિંમતનગરમાં એક કાર્યક્રમ દરમ્યાન વિધાનસભાની ચૂંટણીમાં ભાજપા ૧૦૦ નવા ચહેરા મેદાનમાં ઉતારશે તેવુ નિવેદન કર્યા પછી હિંમતનગર-ઈડરના ધારાસભ્યની ટીકીટ કપાઈ શકે તેવી ચર્ચા શરૂ થઈ છે જ્યારે ખેડબ્રહ્મા-ભિલોડા-મોડાસા-બાયડમાં કોંગ્રેસના ધારાસભ્યો હોવાથી ત્યાં ભાજપા નવા ચહેરાઓને ઉમેદવાર બનાવી શકે છે.

## ધનસુરા ગઢી માતાજીના મંદિરે માટી અને ચાંદીના ગરબા ચડાવવામાં આવ્યા

ધનસુરા નજીક આવેલા પ્રસિદ્ધ ગઢી માતાજીના મંદિરે લોકો માટી અને ચાંદી ના ગરબા ચડાવ્યા હતા દર વર્ષે લોકો નવરાત્રિ માં માનતા પૂરી થતા માતાજી ને ચાંદી અને માટી અને સોના ના ગરબા ચડાવે છે આઠમ ના રોજ લોકો મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટી પડ્યા હતા અને રામજી મંદિરના મહંત પુરણશરણ દાસજી મહારાજ ના લોકોએ આશીર્વાદ લીધા હતા દર વર્ષે આઠમના દિવસે ધનસુરા અને આજુબાજુના ગામોમાંથી અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો અહીં દર્શન કરવા માટે આવે છે ગઢી માતાજીના મંદિરે આઠમ ના રોજ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને લોકોએ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી



આઠમ ના દીવસે મોટી સંખ્યામાં દર્શન માટે ઉમટયા હતા ધનસુરા ગઢી માતાજી ના મંદિરે ભક્તો એ આઠમ ના રોજ માટી ચાંદી અને સોના ના ગરબા ચડાવે છે ગઢી માતાજીના મંદિરે લોકો પોતાની





## અરવલ્લી નિવાસી અધિક કલેક્ટર દ્વારા વીડીયો કોન્ફરન્સથી મહેસુલી કામગીરીની સમીક્ષા

અધિક કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં મહેસુલી કામગીરીની સમીક્ષા કરાઈ. જીલ્લા નિવાસી અધિક કલેકટર પ્રદીપસિંહ રાઠોડ દ્વારા કામગીરી પરત્વે માર્ગદર્શન અને સમીક્ષા, સરકારના ૧૦૦ દિવસના લક્ષ્યાંક અંગેનું માર્ગદર્શન અપાયું. જમીન ફાળવણીના કેસોની સમીક્ષા, લેન્ડ ગ્રેબીંગની અરજીઓના નિકાલની સુચના, સરકારી વિભાગો દ્વારા માંગણી થયેલી જમીનના પ્રકરણોની સમીક્ષા, નાગરિકોની રજુઆતોના ઝડપી ઉકેલ માટે તાકીદ, રેવન્યુ ફાઈલ મોનિટરીંગ પરત્વે જિલ્લાની સારી કામગીરી, અન્ન પુરવઠા યોજનાની સમીક્ષા કરાઈ. બેઠકમાં પ્રાંત અધિકારીઓ, જિલ્લા પુરવઠા અધિકારીઓ, મામતલદારઓ, મહેસુલી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ સહિત તાલુકા વરસાદ પડતા ગરબા રસીકો સહિત ખેડુતોમા નારાજગી

### ડાંગર, કપાસ, મગફળી સહિતના પાકોને નુકસાનની ભીતિ : ખેડુતોના તૈયાર થયેલ પાક ઉપર વરસાદનુ ગ્રહણ

પ્રાંતિજ તા.૧૩
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા એનેક જગ્યાએ બપોર બાદ પવન સાથે વરસાદ વરસાદ પડતા ધરતી પુત્રો સહિત નવરાત્રી રસિકોમા નારાજગી ખેતર મા તૈયાર થયેલ પાક પલરીજતા ખેડૂતો ચિન્તા મા વધારો થયો

પ્રાંતિજ સહિત તાલુકા બપોર બાદ પવન સાથે તાલુકામા અનેક જગ્યાએ વરસાદ પડતા નવરાત્રી રસીકો મા નારાજગી જોવા મળી હતી તો ખેડુતો ના ખેતરો મા ડાંગર , મગફળી , કપાસ સહિત ના તૈયાર થયેલ પાક ઉપર વરસાદી પાણી પડતા નુકસાન જવાની ભીતી સેવાઈ રહી છે અને ધરતી પુત્રો મા ચિંન્તા ના વાદળો જોવા મલ્યા હતા તો પ્રાંતિજ સહિત તાલુકા મા નવરાત્રી ચોક મા પણ પાણી ભરાતા ગરબા રસીકો સહિત આયોજકો મા પણ નારાજગી જોવા મલી રહી છે ત્યારે હાલતો વરસાદ પડતા ખેડુતો ના ખેતરો મા તૈયાર થયેલ પાક ઉપર પાણી પડતા ખેડૂતો નિરાશા જોવા મળી છે



## આંતરરાષ્ટ્રિય ડિઝાસ્ટર રિસ્ક રીડક્શન દિવસ નિમીતે આવિષ્કાર હોસ્પિટલ ખાતે મોકડ્રિલ યોજાઈ

જિલ્લા વહિવટી તંત્ર(ડિઝાસ્ટર સેલ) અને જિલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલ ખાતે મોકડ્રિલ યોજાઈ. આંતર રાષ્ટ્રિય ડિઝાસ્ટર રિસ્ક રીડક્શન દિવસ નિમીતે હિંમતનગર -એ ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ જયુપીટર તથા આવિષ્કાર હોસ્પિટલમાં મોકડ્રિલ યોજવામાં આવી હતી. જેમાં ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસ, ટ્રાફિક પોલીસ સહિત સંબંધિત વિભાગના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાનો સહયોગ આપ્યો હતો.